જુદદીન નવજે

લખનાર અ

નવરોઝ જ

ભેદ્દર

કિંમત [illegible]

નારાયણ

કૃપામિલી પ્રીંટીંગ પરેસ

અર્પણ

જુદ્દીન નવજોત સાહમે ખરી સાચી

લડત ચલાવનારા

બાહદુર જરથોસ્તી પારસી,

અને અથોરનાન બેરાદરોને

તેમની તરફના માહરાં અખંડ

માન અને પ્રીતની

ઇંધાણીમાં આ અદના કેતાબ

અર્પણ

કરવાની હું રજા લઉં છું.

ન. જ. હો. દ.

દાબાચો.

નમીને ખુદાની હજુરમાં આ વાર,
વરણુન આપુંછું ખરૂં યાદગાર.
રોશન છે પારસી કોમને આવાત,
ઝઘડો જુદદીન્યો જાગ્યો વાહયાત.
જમાનાંએ દેખાડયો નવો આ રંગ,
મતફેરના દેખાયા તરહેવાર ઢંગ.
શેહેર અને નગર ગાજી રહયાં,
દગલે ને પગલે બહુ પોકાંર થયા.
જીત અને હારનો ઉભો ખ્યાલ,
હોરમત ને મજહબનો ઉઠયો સવાલ.
રસમને રીવાઝ થઈ બેમીશાલ,
મતલબી મલ્યા વલી સાથે હેલાલ.
ઝગડાથી જાગ્યા પારસીઓ કુલ,
દમબદર થયા તે યાકુલ બ્યાકુલ.
યાદ તેની રહેશે કાયમ હમેશ,
રહશે નહી યાદમા ખામી કાઇ લેશ

દરેકના દેલમાં રહેશે ઉલટ,
સરવે કોઇ રાખશે કોમી હીંમ્મત.

તુચ્છ બસ ગણાયે વીરોધી વીચાર,
રહી કાયમ કોમની સ્થીતી ઉસ્તવાર.

જાવેદાનસુધી રહો એવીજ હયાં રીત,
માઝદીયસની ટોળાની થાવો બી જીત.

સલાહ ને સંપજમા રહેવો ખુશાલ,
પરવરની પનાહમાં થાવો સહુ નેહાલ.

આછે માહરી દેલની ખરી દોઆ,
સાથ વળી થાજો તમ લાંબા જીવા.

નાચારી થજો પારસીમા નાબુદ,
નીતી નેકી રહેજો તેમની સાબુદ.

સચ્ચાઇને અશોઇની રહેજો મદદ,
લાચારી બેકારી થજો સહુ રદ

મલજો સહુને યકીનતું ભલું ઇનામ,
દોઆ માહરી એટલીછે—સહુને તમામ.

જુદદીન નવજોત—કીસ્સો.

ખુદા તાહરી દરગાહે ઝુકું છ હરબાર,
કલમ માહરી મુકું છ હું તાહરે આધાર.
તુને હું ગણુછું સરદાર માહરો,
માગુછું ફકત એક આસરો તાહરો.
જીવ અને જીંદગીબી તુનેજ અરપણ—
કરીને આવ્યોછું તાહરે શરણ;
મદદ મને દે તું રહેમવંત રહીમ,
કરમ તાહરી બક્ષ ઓ કારસાઝ કરીમ.
તાહરી ઝનાબમાં મુકેછ આ સર,
હીમ્મત મુજ બક્ષવાની મેહરબાની કર.
ખરું જ સહુ લાવવાની તોફીઅત તું દે,
પુરું કામ કરવાની હીમ્મત તું દે.
ખુદા તાહરી નામની છે ખરી બરકત,
દે મને રસ્તાએ રાસ્તનુ કઉવત.
દે મને થોડુંક કાંઇ જોમ અને જોર,
દે મને શકતી ને કારવાઇનો તોર.

દે મને દેલમાં ઉંમગને ઉલ્લટ,
દે મને યારી મદદ આ વખત.
લખૂંછું મહઝબની કહાણી ખરી,
દુ:ખ અને આફતથી તે છે ભરી.
જુદદીનના ઝગડાની કથા ભરપુર,
પારસી કોમ થઇ હતી જેહમા ચકચુર.
દીન એક આવ્યો બુરો કંગાળ,
ઉભો થયો કોમમાં એક મોહટો સવાલ;
જુદદીનની નવજોતનું રોખરૂં જાગું,
તકરારી ગડબડનું બ્યુગલ વાગું.
ચર્ચાબી ચાલી—ઉભાયો કહેર,
ઘરોને ગામો ને નગર ને શેહેર.
સહુ ઉઠ્યા જગાડીને જબરૂં ઝનુન,
રગોરગ ઉકળ્યું જરથોસ્તી ખુન.
રંગુનમાં બન્યો એક બનાવ એવો,
ન બન્યો કદીબી આગળ તેહવો;
મહઝબી પારસીના દુ:ખાયાં દેલ,
ગુસ્સે થયા, હતા જે ગરીબ અસીલ.

ઘરડાને જવાન, સ્ત્રીઓ નારાજ—
થયાં સહુ તવંગરોને મોહતાજ;
બનાવતો હતો એવો જાલમ,
ખેદ પામ્યા સહુ આમને આલમ.
કોમ ઉપર આવેલી આફત આ જોઇ,
દર્દમંદ બન્યા પારસી સહુ કોઇ.
સગળાના જીગરમાં પડી એક ફાલ,
કોમની બેહતરીનો આવ્યોબી ખ્યાલ.
કરાર ને આરામ બેઠા તે ખોઇ,
દીન ચુસ્તનું ઊકળ્યું ગુસ્સાથી લોહી
ખુદાની કરવા તે લાગ્યા સેપાસ,
"કરીદે બુરાઇનો એકદંમ તું નાશ"
ખરૂં છે તેનું આ સગળુ દાસ્તાન,
ઉઠયું તે રંગુનમાં પેહેલું તોફાન.
રંગુનમાં એક છોકરી નહાની હતી,
તેણીની બેદી કાંઇક કહાણી હતી.
તે છોકરીનો હતો જુદદીન પીતા,
ને પારસણ એક હતી તેની માતા.

તે છોકરીની કરવાને ધારી નવજોત,
નવજોત એક કરનારની પડી ત્યાં ખોટ.
મોબેદો, બેહદીનો, લાગા કહેવા,
" નવજોત એ કરવાની છે નારવા."
પારસીઓના થયા જીગર ગરમ,
બોલ્યા. " છે ઊલટી આ રાહને રસમ "
" જુદદીનને લેવાનો ખોટો ઇલાજ, "
" તુટેછે કોમનોબી મજબુત રીવાજ."
રંગુનના મોબેદ એક દીનદાર હતા,
પાક અને ખરા પરેહઝગાર હતા.
નવજોત માટે થઇ તેમને અરજ,
પણ મોબેદે વાપરી સારી સમજ.
કરવા તે મોબેદે ના પાડી સાફ,
ધાર્યું કે તે છે મહઝબી ખીલાફ.
પુનાના દસ્તુરજી નામ કેકોબાદ,
આવ્યા મદદે ને લીધીબી દાદ.
થયા તેવણ તઇઆર ક્રીયા કરવા,
કલકતાથી નીકલી રંગુન જવા

કલકત્તાના પારસીમાં થયો ગભરાટ,
બે હુંદી લાગી આ નવજોતની વાત.
શેહરે શહેર પુગી આ નાખુશ ખબર,
થઇ તેથી આખી હુમજાત પર અસર.
મુંબઇથી ગયો એક તારનો પેગામ,
દસ્તુરને પુગાડી આમની સલામ.
જજ સાહેબનોબી જઇ પુગ્યો એક તાર,
સંદેશા પુગ્યા બીજા બે, ચાર;
દસ્તુરને પુગી કેટલીક અરજી,
કહ્યું, ' રાખો તમો કોમની મરજી. "
ચાલ્યોબી ભારે સહુનો લાગ વગ,
છાપામાં ઉભાયાં લખાણના ઢગ.
આ નવજોતની ક્રીયાની અલગ રહેવા,
રંગુનની સફરથી અટકી જવા,
થઇ અરજની સાથે ભલી માંગણી,
દેખાડી પારસીઓની ખરી લાગણી.
ડામાડોલ બન્યા દસ્તુરજ ત્યાર,
ખુબ માલુમ કીધો શું મનમાં વીચાર

કોમી લાગણીને બાજુ મુકી—
કદમ ભર્યું એક બાજી ચુકી,
રંગુનમાં જુઃદીનની નવજોત કીધી,
કોમની ખફગીબી ખેંચી લીધી.
કીધી કોઇ કીયા—નારવા ગણાઇ,
પારસી કોમ મનસે તે ખોટી મનાઇ.
કોમના ખોફનું બસ ભડકું ઉઠયું,
લાગણીભર દીલડું સહુનું રૂઠયું,
ખુશીને ખોરરમી સહુ તજી બેઠાં,
ગમ અને દલગીરી સજી બેઠાં.
એક બી ઘડી ગઇ ન તે ખાલી,
કોમના મુખીઓની મસલહત ચાલી.
જોઇને આવો એક બુરો બનાવ,
કોમની પવીત્રાઇનો કરવા બચાવ.
એબાદત આરાધના કાજના મકાન,
રાખવાને પવીત્ર પ્યારાં જીશાન.
સહુ કોઇના ઉભાયાં દેલસોઝ જીગર,
દરેકના દેલ ઉપર પુગી અસર.

મુંબઇએ કીધો ગુસ્સાનો પોકાર,
જંગ છેડયું છાપામાં સાંજ ને સહવાર.
"જામે જમશેદ" તે પેપર બળવાન,
કોમ કાજે લડનારૂં બાહદુર પહેલવાન.
આપી તેને મદદ ને નીકલ્યું તે બાહાર,
લખાણો છાપ્યાંબી દરેક સહવાર.
બીજી તરફ લખાતું દાસ્તાન હતું,
લખનાર તે "સાંજ વર્તમાન" હતું;
બળવાન તે પોકાર ને કોમનો જુસ્સો,
મર્દોને બાયડીઓનો ભેગો ગુસ્સો—
ઉઠાવ્યો ફરી તે તોફાન ભયંકર,
પુરી તેની સાબુદ જોસદાર અસર.
પેપર હતું બીજું "પારસી" નુ નામ,
લખ્યા તેણે કોઈ બે વજુદી કલામ;
જુદ્દીન નવજોતની હીમાયત કીધી,
દસ્તુરજી નીબી તેણે તરફેણ લીધી.
પણ ઉછળ્યા મહજબી લઇને આધાર—
પારસીઓ સામ્યા હજારો હજાર.

તકરારના મેદાનમા જગાડયું જંગ.
જુદદીન થાઓને કરી દીધા ડંગ
કલમની કતારી ચાલી જોર ભેર,
વીરૂધ તકરારને કાપી તેને ચોમેર.
લખાણની ટીપોથી ચાલ્યા ગોળા,
લાગણીથી ઉભાયા આગના સોલા.
કોમનો જુસ્સો ખુદ જંગમા લડયો,
જુદદીનનો કીલ્લો બસ ભાંગી પડયો.
કીધી તેઓએ સાચી ને ખરી લડત,
બાથ ભીડી હરીફની સાંહમે સખત,
મદદે આવ્યો હવે એક જબરો સાગર.
બાહદુર જરથોસ્તી સર દીનશાહ દાવર,
આપી તેણે હીમ્મત, કીધી મદદ—
થઈ પડી વીરૂધતા તે આગળ બસ રદ;
ભલો તે યકીનદાર જરથોસ્તી નર,
સાચ્ચો ને સાદો દીનદાર બહાદર,
કાયદા ને કાનુનનો ખરો હામી,
દેશ અને પરદેશમાં થયલો નામી.

આપ્યો તેણે પોતાનો મદદનો હાથ,
"જામે" ને "સાંજ" ને બીલીધાં સંગાત.
કોમની વલીને રાખી મરજી,
મદદે આવ્યાબી સર જમશેદજી;
'સર' નું જે કુટુંબ ભલું નેકઝાદ,
તેણી આ યકીનદાર નામી ઓલાદ;
જોરાવર આવ્યો મદદનો હાથ,
સર જમશેદજીએ બીડી જબરીબી બાથ.
જુદ્દીની હીલચાલના હતા જે નર,
સંખ્યામા હતા જેવો મુઠીભર.
બન્યા તે આસરા ને આધાર વના,
દડડીઆ, ધ્રુજ્યા, ધડકયા ઘણા.
કાંઈ કાંઇ કીધી કોશેશ તેઓએ તે વાર,
અપડા તપડીબી કીધી અપાર,
સમજદારની સમજને તોડવા માંગી.
યકીનદારની યકીની ફોડવા માંગી.
ધાર્મીકનું ધ્રુજાવ્યું તન ને બદન,
સુધારાને નામનું બી કીધું રુદન;

મઝહબને મીનીંગ ઉલટાવી દીધો,
રસમનો અર્થબી ફેરવાવી લીધો;
પણ જરથોસ્તીઓ તો રહયા પક્કા ઓસ્તવાર.
ફેરવાયા નહી—ન હાલ્યા લગાર.
જુદીન્યાઓએ બહુ બુમો પાડી,
કુટયાં ને પીટયાં ખુદ છાતી ફાડી.
લખાણો લખીને ભર્યા કાગળ,
ન ચાલ્યું તેમનું કોમની આગળ.
આખરે ખુણામાં દબાઇ પેઠા,
ગંજાવર મત આગળ હારી બેઠા.
કોઈ વાર તો ચાલી બેહુંદી ચાલ,
દીનદારોએ સાંભળી હજારો ગાલ;
નઠારા શબ્દોના છોડયા ગોળા,
*"અલાહીબાગ્યા" "જંગલી" ને 'સોલાદોલા.'
પણ ગાળોની એવી શું હતી દરકાર ?
સાચ માટે હતી હમકોમની તકરાર,
તકરાર તે તુટી નહી સેહજ ભાર રતી,
ગાળો ગલોચબી થઈ ગઇ મટી;

ઉપાડવા આવ્યો આ મોહટો સવાલ,
દીનચાર્શાહર ભલો વીમાદલાલ.
લડવાની ખરી તેણે હીંમ્મત ધરી,
ગયા તે સાહમે જુદદીન્યા ફરી.
દાજીની સાહયતાની સનદ હતી,
માહલક્ષ્મીવાલાની મદદ હતી;
"જામે" ને "સાંજ" સાથ ઉભાં જોડે,
કોમ આવી ઉભી તેમણી સોડે;
આવ્યો વલી પેલો નેક અઘોરનાન,
જામાસ્પ બીલીમોર્યાં જવાન.
જામાસ્પે ચર્ચાવ્યું હીમતથી જંગ,
દેખાડયો મુબેદી ખુબીનો રંગ.
દેખાડયા તેણે સહૂ રાહને રીવાઝ,
જુદદીન્યા થયા તે આગળ લાઇલાઝ.
તકરારના જંગનું જાગ્યું મેદાન,
જુદદીન્યા થઇ પડયા તેવાર હેરાન.
કોમની આબરૂનું હતું મીશન,
તદઆર થાયું એક રેકવીઝીશન;

ફ્રામોં છપાયા હજારો હજાર,
સહીઓભી લેવાઇ સાંહજ ને સહવાર;
સહીઓ કરવાની તુટા તુટ પડી,
થોભ્યા નહી કોમીઓ એકબી ઘડી,
રંગુનની નવજોતને ગણી વાહયાત,
ઘરેઘર ચાલી બસ તેની તે વાત;
સહૂ કોઈના દેલમાં એજ લાગણી હતી,
ત્રીસ્કાર દેખાડવો એજ માંગણી હતી;
સમજુતી થવાની આવી અણી,
કોમે જોયું આશાથી દાવર ભણી.
સર જમશેદજી ઉપર બાંધીને આશ,
"જામે" ને "સાંજ" ને રાખ્યા સાથ ખાસ;
ફરીને ચાલ્યું ત્યાં તકરારનું જંગ,
ભાગ લેવા આવ્યો ફીરોજ હોશંગ;
બે પેપરની મલી જયાર સઘલી મદદ,
તે આગળ ફીરોઝની દલીલ થઇ રદ;
ફીરોઝનો જે કાંઈ હયાં કાએદો હતો,
દેખાયું તેમાં ન કાંઈ ફાએદો હતો;

ચાલી ત્યારે સખ્ત તકરારની જુમ—
શીરોઝની તકરાર ત્યાં ગઈ પડી ગુમ,
મલીને સહુએ કીધો વીચાર,
શીરોઝની મદદનો ફોકટ આધાર.
લખાયો કાગળ આ પંચને હાથે,
દસ્તુરી દલગીરી દેખાડવા માટે;
પણ ગેર મુન્સફીથી ખતરો પડયો,
પત્ર તે કોમને નામંજુર ઠડયો.
સહમજુતી આ મુજબ પડી ભાંગી,
કોમે ત્યારે વધુ વીગત માગી;
ફરીને કાગજ ને શાહી ને કલમ,
ચાલ્યાં લખાણોપર રોજ દમ—બદમ.
ફરીને જાગ્યું જોસ ભેર તોફાન,
હસનારાઓબી થાયા હેરાન.
હસનારાઓનીબી ઠેકડી બની,
ટકોર કરનારાઓની લેવડી બની.
રેકવીઝીશન ત્યાર પંચાએતને દવાર,—
ગયું સાથ સહીઓ પંદર હજાર.

પંચાયત આગળ થઇ એવી અરજી,
કે "કોમની તમો હયાં રાખો મરજી;
" બોલાવો કોમની સભા જાહેર,
" આમ અને આલમને કરો માહેર.
" જુદદીન આ નવજોતની સાહમે સખત,
" પસાર કરો કોમનું સાચ્ચું એક મત.
" કોમ આ તરફ દેખાડવા ધીક્કાર,
" બોલાવો સભા તમ તરત આવાર."
પંચાયત સવાલપર વીચારવંત બની,
દુર અંદેશા દોડાવી તેણે ઘણી;
પુના ખાતે ગયો સવાલનો કાગળ,
રજુ થયો હીસાબ દસ્તુર આગળ.
કાગળ તે પુગ્યો દસ્તુરજી પાસ,
ખુલાસો માંગવા આ બાબદનો ખાસ.
દસ્તુરજીએ કીધી દુર અંદેશ નીગાહ,
કોમની લાગણીથી થયા આગાહ.
દસ્તુરજીનું હતું નીખાલેસ દેલ,
આતુર હતા બનવા કોમના ખલીલ.

કરવા માગી કોમને ખુશીને શાદ,
બનેલા બનાવોની કરીને યાદ
જોઈ લીધી થયલી પોતાની આ ભુલ,
ભુલ થઇ એમ વલી કીધું કબુલ.
બગડેલો મામલો સુધારી દીધો,
અપજશ પછી એક જશબી લીધો
ઓલાદ તેમની ઉંચ,—ઉંચ તેમની જાત,
કુટુંબી કીરતી હતી નેહાત
સરદારનો ધરાવતા સાથે ખેતાબ,
કોમને આપ્યો દેલખુશ જવાબ;
ભલા ગુણો હતા જે તેમને મગજ,
પુગાડી તેને કાંઈક સારી સમજ;
દેલગીરી પોતાની જાહેર કરી—
કહયું " ન કરશ આ કામ હું ફરી;
" કોમની લાગણીને આપશ હું માન,
" કોમ સાથે બાંધસ હું માહરો પેમાન,
" દેલગીર છું થએલ જે માહરો કસુર,
" કોમને ખુશ કરવાનો રાખસ દસ્તુર."

થયા રાજી સહુ કોઈ આ પત્ર વાંચી,
દસ્તુરજીએ દોડાવી સમજ સાચ્ચી.
ઉભાયું હતું જે બુરૂં વધન,
શાંત થઈ ગીઉં આ પત્રે તદન.
મલી સઘળાઓને શાંતી રાહત,
વીરૂધ વાળાઓ થઈ બેઠા માહત.
પવીત્ર પાગડીઓ પહેરનાર સુફેદ,
મુંબઈના ભલા ને દીનદાર મુબેદ;
થયા તેવો આ એક બનાવે નારાઝ,
કીધા તેવાએ એક કીમ્તી ઈલાઝ.
તેઓએ એક કાગલ લખ્યો હતો,
દસ્તુરજીપર પુને મોકલ્યો હતો.
કાગળમાં દસ્તુરને પુછ્યું હતું,
નવજોત કેમ કરવાને સુજ્યું હતું ?
તે બાબેનો ખુલાસો બી માગ્યો હતો,
વસવસો પોતાનો ભાંગ્યો હતો.
તે કાગળ પુગ્યો દસ્તુરને શેતાબ,
પણ આવ્યો હતો નહી તેનો જવાબ;

તેથી જુસ્સો કાંઈ થોડો જાગ્યો હતો,
મોબેદોને બી ગુસ્સો લાગ્યો હતો;
બોલાવી તેવોએ સભા એક ખાસ,
આવ્યા સઘળાઓ: હોમઝદના દાસ;
પારસી તવારીખમાં ન બન્યો અસલ,
આગળ ન જોઇ હોય કોઇ તેણી નકલ—
તેવો એક બનાવ ત્યારે બન્યો,
નોંધી લેવાને લાયકનો ગણ્યો;
સઘળા પંથના સહુ મુબેદો સાથ,
આવ્યા પકડીને એકકના હાથ;
બાઇ બંધી સાથે બેઠા જોશ ભેર,
અલગ રાખી બાકીના ખુદના મતફેર;
ચુકતો કરવાને ત્યાં આવ્યા હીસાબ,
સરનશીન બેઠા દસ્તુર દારાબ.
ગરડાજી મોહટા કદમી દસ્તુર,
આવીને બેઠા સભામા પુરનુર;
નાએબે દસ્તુર સનજાના રૂસ્તમ—
આવ્યા નેકીપર ભરવા કદમ;

મુબારક તે ઘડી મુબારક તે રોજ,
સેંકડો અથોર નાનોની ઉભી ત્યાં ફોજ;
મહઝબને રીવાઝના કીલ્લાની પાસ,
રક્ષણ તેણું કરવાની રાખીને આશ.
કોમની કીરતી ને વધારનાર બનાવ,
ઘંભીર દમામનો તે પાદશાહી દેખાવ.
જોનારની આંખોને થંડક આપનાર,
પારસીમા તવારીખમા રેહેશે યાદગાર.
શાંતી ને સહુમજથી ચાલ્યું ત્યાં કામ
ગડબડ કે બડબડનું નહોતુ. નામ.
મુશકેલ એક કામ જયાર માથે પડેછ,
મુબેદો કેમ ઉસ્તવાર થઇ લડેછ—
રીતીને નીતી કેમ જાલવેછ તેવો,
શાંતી ને સહુમજ નીભાવેછ તેવો.
કોમની હુમદર્દીમા લેછે કેમ ભાગ,
નામોશીનો ધોવા કેમ નીકલેછે દાગ.
તે દેખાડયું સભાએ કરીને કામ,
મુબેદી પેશાનું બુલંદ કીધું નામ.

ઠડાવો થયા ત્યાં રીતસર પસાર,
જાહેર થયા શ્રધળાના આચાર વીચાર.
જુદદીની નવજોતપર દેખાડયો કેહેર,
સાચ અને આંચ વચ્ચે દેખાડયો ફેર;
એક મતે સહુએ કરી વીચાર,
ઠડાવ વલી કીધો વધુ પસાર
કે લખ્યો જે કાગળ દસ્તુર ઉપર,
ન મળ્યો તેણો તો કાંઇબી ઉત્તર;
દસ્તુરજીએ ફરજ ઉતારી નથી,
પહોંચ વઠીક તેણી સ્વીકારી નથી;
દસ્તુર મલે ખેદ આપનો જાહેર કરવો,
કોમ આગળ ઠડાવ આ ખુલ્લો ધરવો;
પુરો થયો આ મુજબ જુદદીન ઝઘડો,
વીરાધીને પડયો આ સખત ફટકો.
સાબેત થયું શું છે ખરી રીત,
માઝદીઅસની તોલાને મલી આ જીત.
જુદદીન્યા લડતનો ભાંગો દડો,
દીનદાર આલમનો ઉડયો ઝુંડો.

ભલાઓનો આપણો માનશું આભાર,
લાવ્યા છે જેવો છેવટ આ વાર
કીર્તી સદા રેહેજો તમારી અમ્મર,
ભલાઓ જસ્ટીસ સર દીનશાહ દાવર.
સર જમશેદજી તમને છે હમારી દુવા,
સુખ સાથે થાવો તમ લાંબા ઉવા.
રંજ અને ગંજથી થાવો નેહાલ,
કોમ માટે લડતાઓ વીમાદલાલ;
માહાલક્ષમીવાલા ને ડાકટર દાજી,
રહેજો તમ કીત જગમા ગાજી.—
બેહેદીન, અથોરનાન, સહુ રહો ભરપુર,
કોમની લડતમાં રેહમને સદા ચકચુર.
કોમના કુલ પારસીને મોબેદ દીનદાર,
કોમની કીર્તીપર રહો ઉસ્તવાર.
દીનની બેહેતરીમાં ઉઠાવજો કલમ,
સુખી તમ રેહેજો જગમાં હરદમ.
દસ્તુરજી કેકોબાદજી તમને નમન,
કીધી તમે કોમને જેહવી મગન—

તેહવીજ હંમેશાં કરતા રેહજો,
ભલાઇનો ભંડાર ત્યાં ભરતા રેહેજો.
ખુદા તાહરી જનાબે નમાઉં છું હું સર.
મેહેર તાહરી કર એ માહરા પરવર;
કોમને તું દેજે તાલીમ અત ખરી,
રાખજે તું તેને ભલાઇથી ભરી;
જેઓ છે અક્કલના આજે ગુમરાહ,
તેમણી નાદાનીને કર તું તબાહ.
આડે રસ્તે જનારની ઉઘાડજે બુધ્ધ,
કોમ માહરી રાખજે સ્વચ્છ અને શુધ્ધ;
એટલું આ લખીને નમન હું કરૂં છ,
ખુશ તાહરો જનાબમા સર આધરૂં છ.